# આજે મનપાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક

**ડ્રાફ્ટ બજેટ પર ચર્ચા-વિચારણા કરાશે : સૂચિત કરવેરામાં ઘટાડાની સંભાવના**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે સ્થાયી સમિતિના સભાખંડમાં મળશે.

આ બેઠકમાં કમિશ્નરશ્રી દ્વારા રજુ થયેલા ડ્રાફ્ટ બજેટ પર ચર્ચા વિચારણા કરવામાં આવશે અને સુધારા સાથેનું બજેટ સામાન્ય સભામાં રજુ કરાશે.

મળતા નિર્દેશો મુજબ આ બેઠકમાં કમિશ્નરશ્રી દ્વારા કરવેરાના કરાયેલા રિસ્ટ્રક્ચરીંગને ફગાવી દેવામાં આવશે એટલુ જ નહિ બજેટના કદમાં થોડો વધારો કરવામાં આવશે.

બજેટમાં આવકના સ્ત્રોતો સઘન બનાવવા માટે વ્યવસાય વેરાના નવા કરદાતાઓને શોધવા પર ખાસ ભાર મુકવામાં આવશે. આ ઉપરાંત વેરા વસુલી પર પણ ખાસ ભાર મુકવામાં આવશે.

મનપાની સ્થાયી સમિતિ દ્વારા કેટલીક જોગવાઈઓમાં સુધારો કરવા માટે પણ ભલામણ કરવામાં આવનાર છે. જેમકે એક બગીચાના નવીનીકરણ માટે ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેમાં ઘટાડો સૂચવવામાં આવશે.

આ ઉપરાંત ફાટકસેલ ગુજરાતના અભિયાનમાં બે અલગ-અલગ ડી.પી.આર. બનાવવાને બદલે એક જ ડી.પી.આર. તૈયાર કરવા પાછળ ખર્ચ થાય તેવી પણ ભલામણ કરાશે.

ગાંધીનગર શહેરમાં સફાઈની સેવાને અદ્યતન બનાવવા પર પણ આ બેઠકમાં ભાર મુકાશે એટલુ જ નહિ કચરાના નિકાલ માટે મુકાયેલ ટ્રોમીલની કામગીરીમાં વધુ ગતિ આવે તેના પર ભાર મુકવામાં આવશે.

આ બેઠકમાં દંડનીય કાર્યવાહી માટેની જોગવાઈઓના અસરકારક અમલીકરણ માટે પણ ખાસ સૂચનાઓ આપવામાં આવે તેવી શક્યતાઓ છે.



વેલેન્ટાઈન ડે ની ઉજવણીનું ચલણ આપણે ત્યાં વધતુ જાય છે. ખાસ કરીને નવ યુવાનોમાં આ તહેવાર નવો ઉત્સાહ લાવે છે. પ્રેમ આપણા વ્યક્તિત્વનો મહત્વપૂર્ણ હિસ્સો છે. પ્રેમનો એકરાર કરવા માટે કોઈ એક ચોક્કસ દિવસ ન હોઈ શકે તેમ છતાં આપણે ત્યાં વેલેન્ટાઈન ડે ની ઉલ્લાસભેર ઉજવણી થાય છે. પ્રેમના પ્રતિકસમા લાલ ગુલાબનું વેચાણ આ ગાળામાં વધી જાય છે. વેલેન્ટાઈન ડે નજીક છે ત્યારે માર્ગો પર પણ ગુલાબના ફૂલ વેચાઈ રહ્યા છે.

# જિલ્લા કોંગ્રેસના સંગઠ્ઠનને વધુ મજબુત બનાવાશે : ચાવડા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં સંગઠ્ઠનને વધુ મજબુત બનાવવા પર આજે પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાએ ભાર મુક્યો હતો. તેમણે એક-બે તાલુકામાં પક્ષનું સંગઠ્ઠન નબળુ હોવાને લઈ નારાજગી પણ વ્યક્ત કરી હતી.

પક્ષમાં સંયોજકોની નિમણુંક, સભ્ય નોંધણી ઝુંબેશ સહિત પક્ષના આગામી કાર્યક્રમો અંગે આજે જિલ્લા પંચાયત પ્રમુખની ચેમ્બરમાં પક્ષના ચુનંદા અગ્રણીઓ અને અન્ય હોદ્દેદારોની હાજરીમાં આજે ખાસ બેઠક યોજવામાં આવી હતી.

પ્રદેશ પ્રમુખ ઉપરાંત આ બેઠકમાં કેન્દ્રીય નિરીક્ષકો કે. ચક્રવર્તી, વી. રાજુ, કુલદીપ શર્મા, ધારાસભ્યો બળદેવજી ઠાકોર, લખાભાઈ ભરવાડ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

કેન્દ્રીય નિરીક્ષકોએ સંયોજકોની ભૂમિકા તેમજ પક્ષના સંગઠ્ઠનમાં તેમની જવાબદારી અંગે વિસ્તૃત સમજ આપી હતી. આ બેઠકમાં સભ્યપદની નોંધણી ઝુંબેશ જે ચાલી રહી છે તેને લઈ પણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

થોજા દિવસ પૂર્વે પ્રદેશ પ્રમુખ ચાવડાએ આવી જ બેઠક પંચાયતની મુલાકાત લીધી ત્યારે કરી હતી. આજે કેન્દ્રીય નિરીક્ષકોની હાજરીમાં આ બેઠક કરી હતી. બેઠકને અંતે તેમણે જિલ્લાના આગેવાનોને સંગઠ્ઠનને મજબુત બનાવવા માટે કોઈ કસર ન છોડવા તેમજ પક્ષની બેઠકમાં વારંવાર ગેરહાજર રહેતા નેતાઓને હોદ્દાઓ પરથી દૂર કરવા માટેના પણ નિર્દેશ આપ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના સભ્યો, પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ, સભ્યો જવસિંહ ચારેલ, બેચરજી ઠાકોર, દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# ડૂંગળી સસ્તી થઈ

**થોડા સમય પહેલા દેશની પ્રજાને રડાવતી ડુંગળી હવે તેના ઉત્પાદકોને રડાવે છે : ૧૨૦૦ રૂપિયે મણ વેચાતી ડુંગળી હાલમાં વેચાય છે ૩૦૦ થી ૪૦૦ રૂપિયે મણ : ૨૦ રૂ. કિલો**

ગાંધીનગર, તા. ૧૩

થોડા સમય અગાઉ દેશની પ્રજાને રડાવતી ડુંગળી હવે તેના ઉત્પાદકોને રડાવી રહી છે. ૧૨૦૦ રૂપિયે મણ વેચાતી ડુંગળી હાલ ૩૦૦ થી ૪૦૦ રૂપિયે મણ વેચાઈ રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા ડુંગળીની આયાતના પગલે ડુંગળીના ભાવોમાં થયેલો ઘટાડો હાલ ખેડૂતો માટે અસહ્ય બની રહ્યો છે અને આવાનારા સમયમાં ડુંગળીનું વ્યાપક ઉત્પાદન કરી તેને રડાવે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

જો કે આ નાગરિકો માટે સારા સમાચાર છે. કારણ કે હવે તેઓને પોતાના બજેટમાંથી ડુંગળી ખરીદવા વધુ રૂપિયા ખર્ચવા નહિ પડે. ગરીબોની કસ્તૂરીના ભાવો ઘટતા લોકો ખુશ જોવા મળી રહ્યા છે. હાલમાં શહેરના બજારોમાં ૨૦ રૂ. કિલોના ભાવે સારી ડુંગળી મળી રહી છે. એક સમયે જેના ભાવ ૧૦૦ રૂ. કિલો સુધી પહોંચી ગયા હતા તેના ભાવ ઘટતા ગૃહિણીઓ ખુશ જોવા મળી રહી છે. તેનુ ઉત્પાદન કરતો ખેડૂત રડી રહ્યો છે. જેનું કારણ છે કે ડુંગળીના વધેલા ભાવોને કાબૂમાં લેવા કેન્દ્ર સરકારે વિદેશોમાંથી ડુંગળીની આયાત કરતા હાલ ભાવ ૩૦૦ થી ૪૦૦ રૂપિયે મણના ભાવે યાર્ડમાં વેચાઈ રહી છે. અતિ વધેલા ભાવોને નાથવા સરકારનો આ નિર્ણય પ્રજા માટે લાભદાયી બન્યો છે. પરંતુ ખેડૂતો માટે માઠા સમાચારનું કારણ બની રહ્યુ છે.

ભાવનગર યાર્ડમાં પોતાની ડુંગળી વેચવા આવેલા ખેડૂતોની ડુંગળી ૩૦૦-૪૦૦ રૂ. પ્રતિ મણના ભાવે વેચાણ થવા પામી હતી. જેથી તેને વાવેતરથી લઈ ઉત્પાદન સુધીમાં જે ખર્ચ થયો હોય તે પણ મળી શકે તેમ નથી. જેથી ખેડૂતો સરકાર પાસે યોગ્ય ભાવ મળે તેવી માંગ કરી

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં ૧૦ ગામોને ભેળવવા મામલે વિકાસ કમિશ્નરે વિગતે અહેવાલ માંગ્યો

**વિકાસ કમિશ્નરશ્રીનો પત્ર મળ્યા બાદ જિલ્લામાં પુનઃ રાજકીય ગરમાવો પાંચ જેટલી પંચાયતોએ મનપાના પ્રસ્તાવની વિરૂદ્ધ ઠરાવ કર્યો**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકાના ૧૦ ગામોને ગાંધીનગર મહાનગર પાલિકામાં ભેળવવાને લઈ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા અભિપ્રાયો માંગવામાં આવતાં જિલ્લાનું રાજકારણ વધુ એક વખત ગરમાયુ છે.

મળતી વિગતો પ્રમાણે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૭ મુજબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો આ મુદ્દે અભિપ્રાય માંગવામાં આવ્યો છે. વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ, કોબા, વાસણા હડમતિયા, વાવોલ, કોલવડા, પોર અને અંબાપુરની ગામની હદને ભેળવવા માટે અભિપ્રાય માંગ્યો છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૦ જેટલા મુદ્દાઓને આવરી લઈ આ અભિપ્રાય આપવા જણાવાયુ છે.

જેમાં ૨૦૧૧ની વસ્તી, વસ્તીની ઘનતા, ખેતી હેઠળની જમીનનો વિસ્તાર, બિન ખેતીની જમીન, પંચાયતની મહેસુલી આવક, કરવેરાની આવક (છેલ્લા ૩ વર્ષની), ખેતી સિવાયની અન્ય જગ્યાએથી રોજગાર મેળવતી વસ્તીની ટકાવારી, ગામનું આર્થિક મહત્વ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

મનપાની સ્થાયી સમિતિએ ૧૭ ગામોને સમાવવા ઉપરાંત ૭ ગામના કેટલાક સર્વે નંબરોને સમાવવા માટે ભલામણ સાથેનો પ્રસ્તાવ પસાર કર્યા પછી સામાન્ય સભાએ પણ આ પ્રસ્તાવને બહાલી આપી સરકારમાં મોકલવામાં આવ્યો છે.

સરકાર દ્વારા હવે વિકાસ કમિશ્નર પાસે પ્રસ્તાવ મોકલી પંચાયતી રાજની ત્રણેય સ્તરની સંસ્થાઓમાં પ્રસ્તાવ પસાર કરી અને તે અંગે અલગથી જિલ્લા વિકાસ અધિકારીનો અભિપ્રાય માંગ્યો છે.

મળતા નિર્દેશો પ્રમાણે જે ૧૦ ગામોનો અભિપ્રાય માંગવામાં આવ્યો છે તે પૈકી કુડાસણ, રાયસણ, રાંદેસણ, પોર અને અંબાપુર ગ્રામ પંચાયતે વિરોધમાં ઠરાવો પસાર કરી અને તેની જાણ તાલુકા અને જિલ્લાકક્ષાએ કરી દીધી છે.

તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સામાન્ય સભાઓ પણ આગામી દિવસોમાં મળનાર છે ત્યારે તેમાં શુ થાય છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

કેટલાક ગામો કોર્ટમાં જવા માટે કાનૂન વિદો સાથે પરામર્શ કરી રહ્યા છે.

જો આ ગામો ભેળવવામાં આવે તો જિલ્લા પંચાયતનું સીમાંકન નવેસરથી કરવાનું થાય અને તેને લીધે ભાજપને ભારે નુકશાન થવાનો ભય સેવાઈ રહ્યો છે. રાજકીય વર્તુળોમાં થતી ચર્ચા મુજબ ભાટ, કોટેશ્વર, સુઘડ, ખોરજ અંગે અગાઉ વિકાસ કમિશ્નરને પ્રસ્તાવ મોકલાઈ ચુક્યો છે. જે ૧૦ ગામો માટે અભિપ્રાય માંગવામાં આવ્યો છે તેને લઈ હજુ બન્ને પક્ષો અસમંજસની સ્થિતિમાં છે.

# ઈન્દિરાબ્રિજ પાસે ઝુંપડા ઢાંકવા સાત ફૂટની દિવાલ ઉભી કરાઈ

**ઝુંપડપટ્ટીને ઢાંકી દેવાના પ્રયાસોથી નારાજગી : ટ્રમ્પની મુલાકાતને લઇ રૂટને વ્યવસ્થિત કરવા માટે તૈયારી**

ગાંધીનગર,તા. ૧૩

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની તા.૨૪ ફેબ્રુઆરીની અમદાવાદમાં મોટેરા સ્ટેડિયમની મુલાકાતને લઈ પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે અને તંત્ર દ્વારા ટ્રમ્પ સમક્ષ અમદાવાદ શહેરને બહુ જ સુંદર, સ્વચ્છ અને રમણીય દર્શાવવાના બનતા તમામ પ્રયાસો થઈ રહ્યા છે. જો કે, તેમાં કયાંક સત્તાધીશોનો આડંબર અને દંભ પણ ઉજાગર થઈ રહ્યો છે. ખાસ કરીને એરપોર્ટથી લઈ ઈન્દિરાબ્રીજને જોડતાં સરણિયા વાસ પાસે આવેલી ઝુંપડપટ્ટીના ઝુંપડાઓ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ધ્યાનમાં ના આવે તે હેતુથી આ રૂટ પર સાત ફુટ ઉંચી અને લાંબી દિવાલ ગણતરીના કલાકોમાં ઉભી કરી દેવાઈ છે, બીજીબાજુ, અમ્યુકો સત્તાવાળાઓના આ હીન પ્રયાસને લઈ સ્થાનિક ઝુંપડાવાસીઓ અને અન્ય રહીશોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. તેમણે સત્તાવાળાઓના આ પ્રકારના વલણને લઈ ભારે વિરોધ નોંધાવ્યો હતો. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ન્ડ ટ્રમ્પની શહેરની મુલાકાત અને તેને લઈ ચાલી રહેલી યુધ્ધના ધોરણે તડામાર તૈયારીઓ વચ્ચે આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી લઈ ઈન્દિરા બ્રિજને જોડતા રોડ પર સરણિયા વાસ પાસે સાત ફુટ ઉંચી અને એકદમ લાંબી દિવાલ ગણતરીના કલાકોમાં મજૂરોને કામે લગાડી ઉભી કરી દેવાઈ.

# બિનઅનામત વર્ગની માંગણી મુદ્દે મેરેથોન બેઠક

**મડાગાંઠ યથાવત : આજે રૂપાણીને પ્રતિનિધિઓની માંગણીથી વાકેફ કરવામાં આવશે : બેઠક બાદ આંદોલન જારી રાખવા બાંભણિયાની જાહેરાત : તમામ સમુદાયના લોકોને ન્યાય મળે, સુમેળનો માહોલ રહે તે હેતુ : નાયબ મુખ્યમંત્રીની ખાતરી**

અમદાવાદ, તા. ૧૩

એલઆરડી ભરતીના મામલે અનામત પરિપત્ર મુદ્દે અનામત વર્ગ અને બિન અનામત વર્ગના લોકો વચ્ચે ખેંચતાણ વચ્ચે આજે બિન અનામત વર્ગના પ્રતિનિધિઓની નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રદિપસિંહ જાડેજા તથા અન્યોની સાથે લાંબી મેરેથોન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રતિનિધિઓ તરફથી કરવામાં આવેલી તમામ રજૂઆતોને ગંભીરતાપૂર્વક સાંભળવામાં આવી હતી. હવે આવતીકાલે ફરી એકવાર મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે બેઠક યોજવામાં આવશે જેમાં અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. બેઠક બાદ મડાગાંઠ હજુ યથાવત રહી છે. આંદોલન પણ જારી છે. આવી સ્થિતિમાં





આવતીકાલે યોજાનારી બેઠક ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ છે. બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે માહિતી આપતા કહ્યું હતું કે, પ્રતિનિધિઓની રજૂઆતને ગંભીરતાપૂર્વક સાંભળવામાં આવી છે. નીતિન પટેલે કહ્યું હતું કે, પ્રતિનિધિઓની રજૂઆત બાદ આવતીકાલે મુખ્યમંત્રી સમક્ષ તમામ મુદ્દાઓ રજૂ કરવામાં આવશે. મુખ્યમંત્રીનો નિર્ણય અંતિમ રહેશે. સમાજના તમામ લોકોને ન્યાય મળે તેનો હેતુ રાખવામાં આવ્યો છે. સુમેળભર્યું વાતાવરણ રહે તેવી અમારી અપીલ છે. તા.૧-૮-૨૦૧૮નો વિવાદીત પરિપત્ર રદ નહી કરવા બિનઅનામત વર્ગના લોકોએ આજથી આંદોલન શરૂ કર્યું છે ત્યારે આજે સરકારે બિનઅનામત વર્ગના નેતાઓ સાથે બેઠકો યોજી

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી વિસ્તાર ગંદકીથી ખદબદે છે

**આંદોલનકારીઓ માટે સત્યાગ્રહ છાવણી વિસ્તારમાં મુકવામાં આવેલા મોબાઈલ ટોઈલેટને કારણે અહીં ખૂબ ગંદકી અને દુર્ગંધ ફેલાયા છે : સાફસફાઈની તાતી જરૂર**

ગાંધીનગર, તા. ૧૩

સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી વિસ્તારમાંથી પસાર થતા માથુ ફાટી જાય તેવી દુર્ગંધનો સામનો કરવો પડે છે. વળી અહી એટલો બધો કચરો અને ગંદકી ફેલાયા છે કે વસાહતીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

સેક્ટર-૬નો વિસ્તાર છેલ્લા ચાર-પાંચ વર્ષમાં જ ખૂબ ધમધમતો થયો છે. અહીં પેટ્રોલ પંપ પાસે વાણિજ્ય વિસ્તાર ધમધમતો થયો છે. જ્યારે ખુલ્લા મેદાનને સત્યાગ્રહ છાવણી તરીકે ઓળખવામાં આવે છે. પોતાની જુદી જુદી માંગણીઓને લઈ વારંવાર ગાંધીનગર ધસી આવતા આંદોલનકારીઓને અહીં ધરણા-પ્રદર્શન કરવાની છૂટ આપવામાં આવી છે. આંદોલનકારીઓ-પ્રદર્શનકારીઓ અહીંથી આગળ વધી શકતા નથી. દર વખતે અહીં કોઈને કોઈ આંદોલનકારીઓ પોતાની માંગણીઓ અંગે રજૂઆત કરતો નજરે ચઢી જાય છે. છેલ્લા કેટલાક સમયથી અહીં આવતા આંદોલનકારીઓનું પ્રમાણ વધતુ જાય છે. ધરણાં-પ્રદર્શન કરતાં આંદોલનકારીઓ અહીં દિવસ-રાત ધામા નાંખીને રહેતા હોવાથી તેમની સુવિધા માટે મનપા દ્વારા અહીં મોબાઈલ ટોઈલેટ મુકવામાં આવ્યા છે. આ મોબાઈલ ટોઈલેટ જ હવે સામાન્ય લોકો માટે માથાનો દુઃખાવો બની રહ્યાં છે. મનપા દ્વારા તેની નિયમિત સાફ-સફાઈ થતી ન હોવાથી ચારેબાજુ અહીં ગંદકી ફેલાયેલી નજરે ચઢે છે. વળી તેના કારણે અહીં એટલી દુર્ગંધ મારે છે કે આસપાસ રહેતા અને અહીંથી પસાર થતાં લોકોનું માથુ ફાટી જાય.

મનપા દ્વારા મુકવામાં આવેલા મોબાઈલ ટોઈલેટની નિયમિત સાફ-સફાઈ થાય અને આસપાસ ફેલાયેલા કચરાની સાફ-સફાઈ થાય તો આ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. અહીં નજીકમાં જ કોમર્શિયલ વિસ્તાર છે. જ્યાં ખાણીપીણી માટે હોટલ-રેસ્ટોરન્ટ આવેલી છે. જેની મુલાકાતે આવતા ગ્રાહકો દુર્ગંધથી કંટાળી અહીં આવવાનું જ ટાળી રહ્યાં છે. અહીંથી ઝડપથી ગંદકી દૂર થાય અને રોગચાળો ફેલાતો અટકાવી શકાય તે માટે સ્થાનિક વસાહતીઓએ રજૂઆત કરી છે.


**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER 2019**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | | Consolidated Results | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 3 Months ended on 31/12/2019 (Unaudited) | 9 Months ended on 31/12/2019 (Unaudited) | 3 Months ended on 31/12/2018 (Unaudited) | 3 Months ended on 31/12/2019 (Unaudited) | 9 Months ended on 31/12/2019 (Unaudited) | 3 Months ended on 31/12/2018 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 63,103.09 | 1,83,226.66 | 46,141.18 | 3,10,899.25 | 9,34,584.67 | 2,53,180.12 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 29,718.97 | 99,905.89 | 26,176.69 | 56,058.38 | 1,84,495.64 | 47,575.37 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax)) | 29,718.97 | 99,905.89 | 26,176.69 | 55,202.53 | 1,83,911.54 | 45,996.63 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 22,213.59 | 88,313.32 | 17,355.35 | 40,875.24 | 1,78,096.24 | 31,075.48 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 22,158.29 | 88,149.50 | 17,261.82 | 40,837.24 | 1,77,484.76 | 30,859.95 |
| 6 | Equity Share Capital(face value of ₹ 10/- each) | 56,406.33 | 56,406.33 | 56,395.50 | 56,406.33 | 56,406.33 | 56,395.50 |
| 7 | Reserves(excluding Revaluation Reserve) as shown in Audited Balance sheet of the previous year | - | - | - | - | - | - |
| 8 | Earning Per Share ( face value of ₹ 10/- each) (not annualised) | | | | | | |
| | 1. Basic | 3.94 | 15.66 | 3.08 | 5.64 | 23.87 | 4.39 |
| | 2. Diluted | 3.93 | 15.65 | 3.08 | 5.64 | 23.86 | 4.39 |

Notes:
1 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results and Explanatory Notes are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and company's website (www.gujpetronet.com).
2 The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 13th February, 2020.
3 The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 13th February, 2020

For and on behalf of Gujarat State Petronet Limited
Anil Mukim, IAS
Managing Director


# વેલેન્ટાઈન્સ ડેની ઉજવણી સામે વિહિપ દ્વારા પત્રિકા ફરતી થઈ

અમદાવાદ, તા.૧૩

વેલેન્ટાઈન્સ ડેને પગલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના નામે પત્રિકા વાઈરલ થઈ છે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના નામે વાઈરલ થયેલી પત્રિકામાં અપીલ કરવામાં આવી છે કે, ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન્સ ડેના નામે હિન્દુ સમાજમાં હિન્દુ વિરોધી તાકાતો દ્વારા વેસ્ટર્ન કલ્ચરનું પાપ ઘુસાડવાનું ષડયંત્ર કરવામાં આવે છે. અમે પ્રેમના વિરોધમાં નથી પરંતુ પ્રેમના નામે થતી અશ્લીલતા તથા વેલેન્ટાઈન્સ ડેના નામે વિધર્મી યુવકો દ્વારા હિન્દુ નામ ધારણ કરી હિન્દુ દીકરીઓને લવ જેહાદના ષડયંત્રમાં ફસાવવાનું કૃત્ય કરે છે તેનો અમે વિરોધ કરીએ છીએ. માતા-પિતાઓને નમ્ર અપીલ છે કે, પોતાની દીકરીઓ ખોટા ષડયંત્રમાં ન ફસાય તેની પુરતી કાળજી રાખે.


www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com